INDIAN NATIONAL CONGRESS

**Shaktisinh Gohil**
Incharge Bihar & National Spokesperson,
All India Congress Committee,
Former Leader of Opposition, Gujarat,
Former Minister Finance, Education & Health

તા. ૦૧/૦૫/૨૦૨૦

પ્રતિ,
સ્નેહીશ્રી વિજયભાઈ,
માન. મુખ્યમંત્રીશ્રી
ગુજરાત

વિષય:- ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓના પેપરની ચકાસણી સેન્ટર પર અનઅધિકૃત પ્રવેશ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવા બાબત.

નમસ્કાર....

સવિનય જણાવવાનું કે, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા વિદ્યાર્થીઓની કારકિર્દી માટે અતિ મહત્વની છે. આ પરીક્ષામાં ગેરરીતિઓ અક્ષમ્ય ગણાય. આ પરીક્ષાના પેપરોની ચકાસણી સ્થળે કોઈ પણ અનઅધિકૃત વ્યક્તિનો પ્રવેશ નિષેધ છે. અનઅધિકૃત વ્યક્તિના પ્રવેશ માત્રથી બોર્ડની પરીક્ષાના પેપરોના મૂલ્યાંકન ઉપર શંકા-કુશંકા સ્વાભાવિક ઉદભવે અને જે વિદ્યાર્થીની માનસિકતા ઉપર વિપરીત અસર પેદા કરે તે સ્વાભાવિક છે. તા. ૧૬/૦૪/૨૦૨૦ જે બોર્ડના પેપરોની ચકાસણીની કામગીરી શરૂ થયેલ છે તે સમયે અમરેલીના સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, જીલ્લા ભાજપના મંત્રી કૌશિક વેકરીયા, શહેર ભાજપ પ્રમુખ તુષાર જોશી વિગેરે બિનઅધિકૃત વ્યક્તિઓએ પેપર તપાસણી ચાલતી હતી ત્યાં પ્રવેશ કરેલ છે. જેના ફોટોગ્રાફ આ સાથે સામેલ છે. માધ્યમિક શિક્ષણ ધારાની કલમ ૪૩ તથા ઈન્ડીયન પીનલ કોડની જોગવાઈઓને ધ્યાને લઈને તાત્કાલિક FIR દાખલ કરવામાં આવે તેમજ ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે જેથી બોર્ડની પરીક્ષા આપનાર ૧૭ લાખ વિદ્યાર્થીઓમાં સરકારની પ્રકિયા સામે વિશ્વસનીયતા ટકી રહે.

આભાર સહ,
કુશળ હશો.

સ્નેહાધીન,

(શક્તિસિંહ ગોહિલ)

નોંધ:- બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશના ફોટો આ સાથે સામેલ છે.

નકલ રવાના :- માન. મંત્રીશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત

**Office Address :** 24, Akbar Road, New Delhi 110011, INDIA. Tel: 91-11-23012411
**Ahmedabad Address :** 202, Rajvi Tower, Rajvansh Building, Staya Marg, Bodakdev, Ahmedabad-380054. Tel/Fax: 91-79-26859555
**Gandhinagar Address :** Plot No. 32, Sector-19, Gandhinagar-382019.




